

હાથી અને મગરમચ્છ

મેક્સ



બિચારો હાથી એના પાડોશી મગરમચ્છ ને દિવસ-રાત વાયોલિન પર એક જ ધૂન નો અભ્યાસ કરતો સાંભળવા મજબૂર હતો. એની ધૂન લય વગરની હતી. આ ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી હાથી તુરાઈ વગાડતા નથી શીખતો. એ પછી મગરમચ્છ માટે એની વાયોલિન ની ધૂન સાંભળવી બિલકુલ અસંભવ થઈ જાય છે. પરિણામ - બંને પાડોશીઓ વચ્ચે ભયંકર લડાઈ થાય છે. પણ જલ્દી બંનેની આપસ માં સુલેહ થઈ જાય છે. ત્યાર બાદ હાથી અને મગરમચ્છ બંને ને એમના જીવન ઘણા વધારે સુખદ અને સામંજસ્યપૂર્ણ લાગે છે. આ પુસ્તક બે ઝગડાખોર પાડોશીઓ ની કડવી વાર્તા ની ભાવના ને સારી રીતે પકડે છે.




હાથી અને મગરમચ્છ

મેક્સ

ગુજરાતી : સુધીર જે





મગરમચ્છ એક સંગીતકાર હતો. એ વાયોલિન વગાડતો હતો. એ આખો દિવસ અને રોજ મોડી રાત સુધી સંગીત નો અભ્યાસ કરતો હતો. એનાથી એને બહુ સંતોષ મળતો હતો.

જોકે, આ એના પાડોશી માટે બિલકુલ આનંદદાયી નહોતું. એક જ ધૂન ને વારે-વારે ખોટા સ્વર માં સાંભળી ને હાથી ના કાન પાકી ગયા હતા.





પછી એક દિવસ એ આ શોર ને વધારે સહન ન કરી શક્યો.
એ ફરિયાદ કરવા તુરંત મગરમચ્છ ને ઘરે ગયો.



પણ મગરમચ્છે કહ્યું કે એ એક સંગીતકાર હતો. "હું મારા સંગીત વગર ન રહી શકું!" એણે હાથી ને કહ્યું.

હાથી ઉદાસ થઈ ને એના ઘરે પાછો ફર્યો.

એ સાંજે, મગરમચ્છે ફરી એનું વાયોલિન વગાડયું. હંમેશા ની જેમ એ બેસુરી રીતે મોડી રાત સુધી વગાડતો રહ્યો.



અને આ ચક્ર ચાલતું રહ્યું.

મગરમચ્છ બેસૂરું વાયોલિન વગાડતો, અને એનાથી
હાથી નો પારો ચઢી જતો.

હવે હાથી વાંચી નહોતો શકતો.

એ સૂઈ પણ નહોતો શકતો.



હકીકત માં, હવે હાથી ની જિંદગી માં થી બધી ખુશી પૂરી થઈ ગઈ હતી અને પછી એ ડૉક્ટર પાસે એની સમસ્યા લઈને ગયો.

ડોક્ટરે હાથી ને શાંત વાતાવરણ માં જવાની ની સલાહ આપી અને સાથે કડવી દવા પણ આપી. પણ દરેક વખતે જયારે હાથી ઘરે પાછો ફરતો ત્યારે મગરમચ્છ નું બેસૂરું સંગીત એના કાનો પર વાર કરતુ.

મગરમચ્છ જેવો કલાકાર બનવું કેટલું સરળ છે, હાથી એ વિચાર્યું.





અને પછી અચાનક, હાથી ના મગજ માં એક વિચાર આવ્યો. હા, કેમ નહીં? કોને ખબર, મારી અંદર પણ એક સંગીતકાર છુપાયો હોય!

હાથી ઉત્સાહિત થઈ ને શહેર ગયો, અને પોતાને માટે એક સુંદર, ચમકદાર પિત્તળ ની તુરાઈ ખરીદી ને લાવ્યો.

એ નાનપણ થી તુરાઈ વગાડવા ઈચ્છતો હતો.

એ સાંજ થી હાથી એ અભ્યાસ કરવો શરુ કર્યો.

ઓહ, આમાં કેટલી મજા છે!

હાથી પોતાના સંગીત ના કૌશલ થી બહુ ચકિત થયો.


એ મોડી રાત સુધી તુરાઈ વગાડતો રહ્યો.



મગરમચ્છે જયારે અચાનક નજીક માં એક ભયાનક અવાજ સાંભળ્યો તો એ બહુ હેરાન થઈ ગયો. એ સમયે એ મોઝાર્ટ દ્વારા રચિત વાયોલિન સોનાટા નો અભ્યાસ કરી રહ્યો હતો.

"આ શું ચાલી રહ્યું છે?" એ ગુસ્સા થી ધૂરક્યો.

એ ફરિયાદ કરવા તુરંત હાથી ને ત્યાં ગયો.



"આ ઘોંઘાટ ને બંધ કર!" મગરમચ્છે ગુસ્સા થી કહ્યું. "તું મારા સંગીત ને બરબાદ કરી રહ્યો છે!"

પણ હાથી ગભરાયો નહીં.

"મારા પ્યારા મગરમચ્છ," એણે કહ્યું. "મને ક્ષમા કર. જો, હું પણ તારી જેમ એક કલાકાર છું. હું પણ મારી તુરાઈ વગાડયા વગર રહી નથી શકતો."



બિચારો મગરમચ્છ, એ હવે સંગીત નો અભ્યાસ નહોતો કરી શકતો. હાથી ની તુરાઈ નો અવાજ બહુ ઊંચો હતો.

મગરમચ્છ ને એ ઘોંઘાટ માં એનું વાયોલિન સંભળાતું જ ન હતું.



બીજી બાજુ હાથી ખુશ હતો.

એની અંદર ની સંગીત પ્રતિભા ની શોધે એને પૂરી રીતે બદલી લીધો હતો. એણે એના વાળ વધાર્યા અને અને ચમકીલા કપડાં પહેર્યા જેથી બધા એની નોંધ લે.

હવે એને એની ચમકદાર પિત્તળ ની તુરાઈ વગાડવાની પહેલા થી ઘણી વધારે મજા આવતી હતી.



મગરમચ્છે બે મોટા ઢાંકણા જોર થી વગાડી ને હાથી ના શોરબકોર ને દબાવવાની પૂરી કોશિશ કરી.



એનો મતલબ થયો કે હવે હાથી ને તુરાઈ માં પહેલા થી વધારે જોર થી ફૂંક મારવી પડી. અને આ રીતે બંને પાડોશી એક-બીજા ને પરેશાન કરતા રહ્યા.






હતાશા માં મગરમચ્છે પોતાની હાઇડ્રોલિક
ડ્રિલ ચલાવી ને ભયાનક શોર પેદા કર્યો.

હાથી માટે એ શોર સહન કરવો બહુ મુશ્કેલ હતો!
બિચારો હાથી ડર નો માર્યો ફર્શ પર પડી ગયો.





હાથી ને લાગ્યું કે આ વખતે મગરમચ્છ સીમા તોડી ને બહુ આગળ નીકળી ગયો છે.

પછી હાથી એ એનો મોટો હથોડો લીધો અને એનાથી દીવાલ ને વારે-વારે ઘા કરવા લાગ્યો.



મોટા હથોડા ની માર ને દીવાલ વધારે વાર સુધી સહન ન કરી શકી. દીવાલ ધડામ કરતી નીચે પડી ગઈ. પછી બંને કલાકાર એક-બીજા ની સામે ઉભા હતા અને બહુ ચકરાઈ ગયેલા દેખાતા હતા.

"મારો મતલબ એવું કરવાનો ન હતો," હાથી એ તોતડાતે અવાજે કહ્યું. "શું હું તને એક કપ ચ્હા ભેટ કરી શકું છું?"






બન્ને પાડોશીઓએ સાથે ચ્હા પીધી અને સંગીત પ્રત્યે પોતાના પ્રેમ ની ચર્ચા કરી. "હું જાણું છું!" હાથી એ કહ્યું. "આપણે ભેગા થઈ ને સંગીત કેમ ન રચી શકીયે?" "કેટલો સરસ વિચાર છે!" મગરમચ્છે કહ્યું.

મગરમચ્છ તુરંત ઘરે થી એનું વાયોલિન લઈ આવ્યો, જે કાટમાળ નીચે દબાયેલું હતું.

પછી બન્ને એ સાથે મળી ને સંગીત નો અભ્યાસ કર્યો. બન્ને ની લય, ધૂન એકદમ બરાબર હતી - એક, બે, ત્રણ, ચાર!


એ કલાકો સંગીત વગાળતા રહ્યા. એ સપ્તાહો સુધી સંગીત વગાળતા રહ્યા. એ સંગીત માં વધારે ને વધારે નિપુણ થતા ગયા. એમનું સંગીત કેટલી પ્યારું હતું!



જલ્દી તેઓ એમના યુગલ ગીતો માટે દુનિયા ભર માં પ્રસિદ્ધ થઈ ગયા. પછી તેઓ હંમેશ માટે એક સાથે ખુશી-ખુશી રહેવા લાગ્યા.

એમણે એ તૂટેલી દીવાલ ને ક્યારેય ફરી બાંધી નહીં.

કેમકે હવે એમને એની જરૂરત જ ન હતી.



સમાપ્ત